# Oasis

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનુ ત્રિમાસિક મુખપત્ર
અંક - ૮૮ : એપ્રિલ – જુન ૨૦૨૪

iRf

## તંત્રીસ્થાનેથી . . .

**સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો**

**અમદાવાદ ચેપ્ટર**

૧. શ્રીમતી પ્રીતીબેન અદાણી
૨. શ્રી પી. કે. લહેરી
૩. શ્રી હેમંતભાઈ શાહ
૪. પદ્મશ્રી ડો. કુમારપાલ દેસાઈ
૫. શ્રી રશ્મિકાંતભાઈ શાહ
૬. શ્રી રમેશભાઈ પટેલ
૭. શ્રીમતી જયશ્રીબેન મહેતા
૮. શ્રી શુભાંગભાઈ શાહ
૯. ડો. વી. એન. શાહ
૧૦. શ્રી નિલેશભાઈ દેસાઈ
૧૧. શ્રી ભરતભાઈ મોદી
૧૨. શ્રીમતી રેખાબેન ચોના
૧૩. શ્રી જયંતિભાઈ સંઘવી
૧૪. શ્રી જગતભાઈ કિનખાબવાલા

**વડોદરા ચેપ્ટર**

૧. રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડ
૨. શ્રી કરણ ગ્રોવર
૩. શ્રી મહેશભાઈ શાહ
૪. શ્રી જાલ પટેલ
૫. શ્રી યોગેશભાઈ વેલાણી
૬. શ્રી મધુભાઈ મહેતા
૭. શ્રી કુંજલભાઈ પટેલ
૮. શ્રી રોહિતભાઈ પરીખ
૯. શ્રી નિલેશભાઈ શુકલા

**સુરત ચેપ્ટર**

૧. શ્રી શરદભાઈ કાપડિયા
૨. શ્રી આઈ. જે. દેસાઈ
૩. શ્રી રજનીકાંતભાઈ કે. મારફતિયા
૪. શ્રી રાજેન્દ્રભાઈ ચોખાવાલા
૫. ડૉ. શ્રીમતી મીનાબેન માંડલેવાલા
૬. ડૉ. પ્રફુલભાઈ શિરોયા
૭. શ્રી ભરતભાઈ શાહ
૮. શ્રી રોહિતભાઈ મહેતા
૯. શ્રી કમલેશભાઈ યાજ્ઞિક
૧૦. શ્રી પ્રદિપભાઈ કલકત્તાવાલા
૧૧. કુ. જીજ્ઞાસાબેન ત્રિવેદી
૧૨. ડૉ. પ્રદીપભાઈ અટોદરિયા

**પ્રિય મિત્રો,**

નમસ્કાર !

આ મુખપત્રના માધ્યમથી આપ સૌને ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવેલ પ્રવૃત્તિઓ વિષે માહિતગાર કરતા હું આનંદની લાગણી અનુભવું છું.

આ સમય દરમિયાન રાજ્યમાં વંચિત અને જરૂરિયાતમંદ લોકો માટે વિવિધ ક્ષેત્રોમાં કાર્ય કરતી સંસ્થાઓ સાથે સંકળાઈને ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન વ્યાપકપણે કિડની જાગૃતિ કાર્યક્રમ તેમજ બી.પી અને ડાયાબિટીસ તપાસ કેમ્પોનું આયોજન કરવામાં સફળ રહી છે આ સંસ્થાઓમાં કેન્દ્રીય કામદાર શિક્ષણ બોર્ડ, ધી નેશનલ ઈન્ડિયન એસોસિયેશન, ગ્રામશ્રી ટ્રસ્ટ (ક્રાફ્ટરૂટ્સ), લાયન્સ કલબ ઓફ શાહીબાગ, પરિવર્તન, લાયન્સ કલબ ઓફ સંવેદના, ઈન્ટાસ ફાઉન્ડેશન, ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર, આત્મા પ્રોજેક્ટ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર; ખેરવા, બ્રહ્મ સમાજ સેવા; મહેસાણા, હેલ્થ એજ્યુકેશન ફાઉન્ડેશન, ફેમિલી પ્લાનિંગ એસોસિએશન; રાજકોટ, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી વગેરેના સમાવેશ થાય છે.

સંસ્થા દ્વારા જે પણ સ્થળ ઉપર કિડની જાગૃતિ કાર્યક્રમ તેમજ બી.પી અને ડાયાબિટીસ તપાસ કેમ્પોનું આયોજન કરવામાં આવે છે. તે દરમિયાન કેમ્પમાં ભાગ લેતા ઘણા બધા લોકો એવા હોય છે જેમણે પહેલી વાર બી.પી અને ડાયાબિટીસની બીમારીનો ખ્યાલ આવે છે અમારા કાર્યકરો દ્વારા આવા વ્યક્તિઓને આ બન્ને રોગની શરીરના મહત્વના અંગો જેવા કે કિડની પર પડતી વિપરીત અસરો વિશે યોગ્ય માર્ગદર્શન આપીને હાઈપરટેન્શન અને ડાયાબિટીસ જેવા ગંભીર રોગની સારવાર લેવા માટે પ્રોત્સાહિત કરીને એક સ્વસ્થ સમાજનું નિર્માણ કરવાનું કાર્ય સંસ્થા કરી રહી છે. આ સમયગાળા દરમિયાન સંસ્થા દ્વારા ૭૯ કિડની જાગૃતિ કાર્યક્રમ અને ૩૩ બી.પી અને ડાયાબિટીસ કેમ્પ કરવામાં આવ્યા.

હિમોડાયાલિસીસ અને કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવેલ કિડનીના દર્દીઓના પુનઃર્વસન માટે સંસ્થા દ્વારા આયોજીત થતાં 'પ્રેરણા' કાર્યક્રમો નિયમિત રીતે અમારા દરેક ચેપ્ટરમાં થઈ રહયા છે તે ઉપરાંત આ પ્રેરણા સંગઠનમાં નવા દર્દી મિત્રો પણ જોડાઈ રહ્યા છે અને સંસ્થા દ્વારા 'પ્રેરણા' બેનર હેઠળ આયોજિત થતાં વિવિધ કાર્યક્રમોમાં ભાગ લઈને પોતાનું જીવન સરળ બનાવવાનો પ્રયાસ કરી રહયા છે.

સંસ્થા દ્વારા કિડનીના જરૂરિયાતમંદ દર્દીઓને સમય પર દવાઓ મળી રહે તે માટે 'સેવ અ લાઈફ' કાર્યક્રમ અંતર્ગત મદદ કરવામાં આવી રહી છે. આ ત્રિમાસિક ગાળામાં ૬૨ કિડનીના દર્દીઓને કુલ રૂ. ૨,૨૧,૫૬૦/– ની સહાય કરવામાં આવી.

અહીંયા હું શ્રી રશ્મિકાંતભાઈ શાહ અને નારાયણ પાવરટેક લિમિટેડ, વડોદરાનો આભાર વ્યક્ત કરું છું જેમના અવિરત મળતા દાનથી અમે કિડનીના જરૂરિયાતમંદ દર્દીઓને મદદરૂપ થઈ શકીએ છીએ.

સમાજના અગ્રણી લોકોને મારી નમ્ર વિનંતી છે કે સંસ્થા દ્વારા ચાલતી સેવાકીય પ્રવૃત્તિઓ અને એક સ્વસ્થ સમાજનું નિર્માણ કરવા માટે પોતાનું યોગદાન આપે.

**શુભેચ્છાઓ સહ,**

ત્રિલોકભાઈ પરીખ
ચેરમેન

## જાગૃતિ કાર્યક્રમ : (Prevention Through Awareness Programme)

### કિડની જાગૃતિ કાર્યક્રમોની એક ઝલક



અમદાવાદ ટેકનિકલ યુનિવર્સિટી, અમદાવાદ



ગ્રામશ્રી ટ્રસ્ટ, અમદાવાદ



ક્રાફ્ટરૂટ્સ, લીલાપુર ગામ, ગાંધીનગર




આઈ. ટી. આઈ., વડનગર



કામધેનુ યુનિવર્સિટી, હિમતનગર



પોલીસ હેડ ક્વાટર્સ,  વડોદરા

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો હિમતનગર ચેપ્ટર

૧. ડો. ચીમનભાઈ પટેલ
૨. શ્રી ચંદ્રકાન્તભાઈ સી. શેઠ
૩. શ્રી ગિરીશભાઈ ભાવસાર
૪. શ્રી મહેન્દ્રસિંહભાઈ પી. ચૌંહાણ
૫. શ્રી કુંજબિહારી જે. પટેલ
૬. શ્રી ગોપાલસિંહ એન. રાઠોડ
૭. શ્રી બાલકૃષ્ણ એમ. ઠક્કર
૮. ડો. કેવલભાઈ એમ.પટેલ

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો ગીર–સોમનાથ  ચેપ્ટર

૧. શ્રી પ્રવીણભાઈ કે. લહેરી
૨. શ્રી વિજયસિંહ ચાવડા
૩. શ્રી જગમલભાઈ વાલા
૪. શ્રી રમેશભાઈ ચોપડકર
૫. શ્રી જીતેન્દ્રભાઈ મહેતા
૬. શ્રી સુરેશભાઈ કંપાણી
૭. શ્રી ગીરીશભાઈ ઠક્કર
૮. ડો. શ્રી રાજુભાઈ ક્રિષ્નાની
૯. શ્રી તેજસભાઈ પંડયા
૧૦. શ્રી અરુણકુમાર શર્મા

## બીપી, ડાયાબિટીસ અને કિડની નિદાન કેમ્પ




શ્રી બુટ ભવાની મંદિર, અમદાવાદ



વિશ્વકર્મા પંચાલ સેવા સમાજ વાડી, અમદાવાદ




ક્રાફ્ટરૂટ્સ, લીલાપુર ગામ, ગાંધીનગર




મેમદપુર ગામ, મહેસાણા




વાસુદેવ સ્કૂલ, રાજકોટ




સમર કેમ્પ, લોહાણા મહાજન વાડી, ભાવનગર

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
### ભાવનગર ચેપ્ટર

૧. શ્રી જનાર્દનભાઈ ભટ્ટ
૨. શ્રી સુનીલભાઈ વડોદરીયા
૩. શ્રી ચેતનભાઈ કામદાર
૪. શ્રી રાજુભાઈ બક્ષી
૫. શ્રી મેહુલભાઈ પટેલ
૬. શ્રી સુમિતભાઈ ઠક્કર

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
### રાજકોટ ચેપ્ટર

૧. શ્રી રમેશભાઈ પટેલ
૨. શ્રી ચંદુભાઈ વિરાણી
૩. શ્રી હરેશભાઈ વોરા
૪. શ્રી શંભુભાઈ પરસાણા
૫. શ્રી સુધીર ભીમાણી
૬. શ્રી કમલેશ જોષીપુરા
૭. શ્રી કિશોરભાઈ કોટક
૮. શ્રી મિત્તલભાઈ પટેલ
૯. શ્રી રજનીભાઈ પટેલ
૧૦. શ્રી રમેશભાઈ ઠક્કર
૧૧. શ્રી ડેનીશ આડેસરા

## "પ્રેરણા એટલે હિમોડાયાલિસીસ અને કિડની ટ્રાન્સપ્લાન્ટની સારવાર લેતા કિડનીના દર્દી મિત્રોને આનંદપૂર્વક જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરતુ એક વિશિષ્ટ સંગઠન"

### વડોદરા

૨૬ મે ૨૦૨૪, રવિવારના રોજ કમાટીબાગ, વડોદરા ખાતે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા પ્રેરણા કાર્યક્રમ અંતર્ગત વડોદરાના જાણીતા યોગાચાર્ય શ્રી રાજેશભાઈ બારોટને આમંત્રિત કરવામાં આવ્યા હતા જેમણે યોગા વિશે પ્રેરણા સભ્યોને વ્યવહારુ માર્ગદર્શન આપ્યું હતું.

રાજેશભાઈએ અનુલોમ, વિલોમ, ભૃષ્ટિકા–પ્રાણાયામ વગેરે વિશે ખૂબ સરસ વ્યવહારુ માર્ગદર્શન આપ્યું હતું. રાજેશભાઈ કિડનીના દર્દીઓને રૂબરૂ મળ્યા હતા અને તેઓને તેમની સમસ્યાઓ મુજબ યોગ વિશે માહિતી આપી હતી અને તેમને હકારાત્મક જીવન જીવવા પ્રોત્સાહિત કર્યા હતા. બગીચામાં બેસીને યોગ કરવાના ફાયદાઓ અને અન્ય અનુભવોથી પ્રેરણા સભ્યો ખૂબ જ પ્રેરિત થયા. કાર્યક્રમના અંતે બધાએ ગરમ અને સ્વાદિષ્ટ ઉપમા નાસ્તો કર્યા પછી વિદાય લીધી. જેમાં ૩૫ પ્રેરણા સભ્યો હાજર રહ્યા હતા.



પ્રેરણા સભ્યોને યોગ શીખવતા શ્રી રાજેશભાઈ બારોટ

### ખંભાત

વડોદરા ચેપ્ટર દ્વારા તારીખ ૨૯ એપ્રિલ ૨૦૨૪ ના રોજ કાર્ડિયાક કેર હોસ્પિટલ, ખંભાત ખાતે હિમોડાયાલિસિસ યુનિટમાં સારવાર લેતા પ્રેરણા સભ્યોએ 'ખોરાકમાં રાખવી પડતી કાળજી' વિષે માહિતી આપતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વક્તા તરીકે વડોદરા શહેરના જાણિતા ડાયટિશિયન ડો. આસ્થા મહિડા ઉપસ્થિત રહયા હતા અને ખૂબ જ સરળ ભાષામાં સ્લાઈડ શો દ્વારા પ્રેરણા સભ્યોને વિશેષ માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમનો ૨૭ પ્રેરણા સભ્યોએ લાભ લીધો હતો.






કિડનીના દર્દીઓને માહિતગાર કરતા ડો. આસ્થા મહીડા

### ભાવનગર

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, ભાવનગરના સહયોગથી પ્રેરણા બેનર હેઠળ કિડનીના દર્દીમિત્રોના (પ્રેરણા સભ્યોના) અભ્યાસ કરતાં બાળકોને વિના મૂલ્યે ફુલસ્કેપ નોટબૂકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભાવનગરના ધારાસભ્ય શ્રીમતી સેજલબેન પંડયા અને મેયર શ્રી ભરતભાઈ બારડ તથા સંસ્થાની સલાહકાર સમિતિના સભ્ય શ્રી સુમીતભાઈ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા.






નોટબુક સ્વીકારતા પ્રેરણા સભ્યો અને તેમના સંતાનો

Save a life
Sponsoring Renal Treatment



અમૃતજી ધુળાજી ઠાકોર

**આ અંકમાં આપણે વાત સાંભાળીશું 'સેવઅ લાઈફ' કાર્યક્રમનો લાભ લેતા દર્દીમિત્રોની ....**

મારુ નામ અમૃતજી ધુળાજી ઠાકોર છે હું અંબાજી પરા, મહેસાણા વિસ્તારમાં રહું છું. વર્ષ ૨૦૨૨ માં મારુ ક્રોનિક કિડની ડિસીઝનું નિદાન થયું હતું. વર્ષ ૨૦૨૪ના એપ્રિલ મહિનામાં મારી તકલીફ વધતાં ડો. મૌલિક પટેલે (નેફ્રોલોજીસ્ટ) સમાયંતરે હિમોડાયાલિસીસની સારવાર લેવાની સલાહ આપી. મારી પાસે આયુષમાન ભારતનું કાર્ડ હોવાથી શંકુઝ હોસ્પિટલ મહેસાણા ખાતે કે જ્યાં આયુષમાન ભારત કાર્ડ માન્ય છે ત્યાં મારી આ હિમોડાયાલિસીસ સારવાર લેવાનું નક્કી કર્યું. કિડનીના દર્દીની હિમોડાયાલિસીસની સારવાર શરુ કરતા પહેલા AV ફિસ્ટુલાની સર્જરી કરાવવી અનિવાર્ય હોય છે. ડો. મૌલિક પટેલએ મને આ સર્જરી માટે ડો. પિયુષ પટેલ (M.S. FIAGES) પાસે જવા માટે જણાવ્યું પરંતુ મારી આર્થિક પરસ્થિતિ ખૂબજ નબળી હોવાને કારણે આ સર્જરી કરાવવાનો ખર્ચ ઉઠાવી શકું તેમ ન હતું. હું મજૂરી કામ કરીને મારુ ઘર ચલાવતો હતો મારી આ બીમારી પછી મજૂરીકામ કરવું શક્ય ન હતું. મારો એકનો એક દીકરો જે છૂટક મજૂરી કામ કરીને ઘર ખર્ચ ઉઠાવી રહ્યો હતો તે પણ ખર્ચ ઉઠાવવા અસમર્થ હતો. તેથી ડો.પિયુષ પટેલ દ્વારા મને ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશનનો સંપર્ક કરવા માટે જણાવ્યું. ત્યારબાદ મેં સંસ્થાના ઓફિસરનો સંપર્ક કર્યો એ પછી સંસ્થાના ઓફિસર દ્વારા મારી રૂબરૂ મુલાકાત લેવામાં આવી અને મેં તેમને મારી સમસ્યા જણાવી એ પછી મારી આ સર્જરી માટે ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા સંપૂર્ણ નાણાકીય સહાય કરવામાં આવી. ત્યારબાદ ડો. પિયુષ પટેલે મારુ AV ફિસ્ટુલાનું ઓપરેશન સફળતાપૂર્વક પૂર્ણ કર્યું અને હવે હું હિમોડાયાલિસીસની સારવાર નિયમિત લઈ શકું છું.

ડાયાલિસીસ અને કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવી રહેલા જરૂરીયાતમંદ કિડનીના દર્દીઓને 'સેવ અ લાઈફ' કાર્યક્રમ અંતર્ગત ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન નાણાકીય સહાય પૂરી પાડવાનો એક નમ્ર પ્રયાસ કરી રહી છે. આ કાર્યક્રમ સંસ્થા દ્વારા જુલાઈ ૨૦૦૨માં શરૂ કરવામાં આવ્યો હતો. અત્યાર સુધી સંસ્થા દ્વારા હિમોડાયાલિસીસ, કિડની ટ્રાન્સપ્લાન્ટ પછીની દવાઓ AV ફિસ્ટુલા સર્જરી માટે ઘણા જરૂરિયાતમંદ દર્દીઓને સહાય કરવામાં આવી છે.

આ ત્રિમાસિક સમયગાળા દરમિયાન ૧૧ દર્દીઓને ડાયાલાયઝર, ટ્યુબીન અને ૬૧ જરૂરિયાતમંદ કિડનીના દર્દીઓને રૂ. ૨,૨૧,૫૬૦ ની સહાય કરવામાં કરવામાં આવી હતી.

છેલ્લા ૩ મહિનામાં A.V. Fistula સર્જરી માટે કિડનીના ત્રણ જરૂરિયાતમંદ દર્દીઓને મદદ કરવામાં આવી.

## સંજયકુમાર રમેશભાઈ રાવળ



મારુ નામ સંજય રમેશભાઈ રાવળ છે. મારી ઉંમર ૩૧ વર્ષ છે અને હું ધીણોજ ગામ તા.જી. મહેસાણાનો વતની છું. આજથી ત્રણ વર્ષ પહેલા વધારે પ્રમાણમાં પેઈનકિલર દવાઓનું સેવન કરવાના કારણે મારી બંને કિડની નિષ્ફળ થઈ જતા સિવિલ હોસ્પિટલ મહેસાણા ખાતે હિમોડાયાલિસીસની સારવાર ચાલુ કરાવવી પડી. થોડા સમય પહેલા જ મારી તબિયત વધુ ખરાબ થઈ જતાં મને અર્પણ હોસ્પિટલ પાટણ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો. ત્યાં સારવાર અને અન્ય કેટલાક તબીબી પરીક્ષણોના આધારે ડોકટર સાહેબે જણાવ્યું કે મારી કિડની અને પિતાશયમાં પથરી થઈ ગઈ છે અને આ પથરીના કારણે ઘણો બધો ચેપ ફેફસા તેમજ શરીરના અન્ય અંગો સુધી ફેલાઈ શકે છે માટે તેનું તાત્કાલિક ઓપરેશન કરાવવાની જરૂર હતી. આ ઓપરેશન માટે મને અર્પણ હોસ્પિટલ ખાતેથી ડો. હિતેશ પંશીવાલા હોસ્પિટલ ખાતે શિફ્ટ કરવામાં આવ્યો અને ત્યાં ઉપરોક્ત ઓપરેશન સફળતા પૂર્વક કરવામાં આવ્યું. આ સારવાર માટે દવા, રિપોર્ટ, ઓપરેશન તેમજ હોસ્પિટલનો લગભગ એક લાખથી પણ વધારે ખર્ચ થઈ ગયો હતો. વધુમાં હું આ તકલીફમાંથી બહાર આવું તે પહેલા બીજી એક અન્ય સમસ્યા મારા જીવનમાં આવી પડી જ્યારે ઓપરેશન માટે મને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો ત્યારે મારા પિતાશ્રીનું હાર્ટ અટેકના કારણે મૃત્યુ થયું. મારા પિતાશ્રી કે જેઓ ઘરની બધીજ આર્થિક જરૂરિયાત મહેનત મજૂરી કરીને પૂરી કરતાં હતા તેમના ના રહેવાથી મારી પર જાણે દુ:ખનો પહાડ તૂટી પડ્યો. મારી આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાને કારણે હું આ ખર્ચ કરી શકું તેમ ન હતો તેથી મારે ગામમાં ચાલતા બચત મંડળમાંથી, મિત્રો તેમજ મારા કુટુંબીજનો પાસેથી પૈસા પાછા આપવાની શરતે લઈને હોસ્પિટલનું બિલ ભર્યું.

મારા પરિવારમાં મારે ૨ વર્ષનું એક બાળક છે. હવે મારા પત્ની છૂટક મજૂરી કરીને ઘરનું ગુજરાન ચલાવે છે. મારા માતા હું ખૂબ જ નાનો હતો ત્યારે જ ગુજરી ગયા હતા.

ઓપરેશનના થોડા દિવસો પછી મને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી. ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા કિડનીના દર્દી મિત્રો માટે ચલાવવામાં આવતા પ્રેરણા કાર્યક્રમમાં હું નિયમિત હાજરી આપું છું. સંસ્થા દ્વારા તારીખ ૩૧ માર્ચ ૨૦૨૪, રવિવારના રોજ પ્રેરણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આમંત્રણ આપવા માટે મને ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનના કર્મચારીનો ફોન આવ્યો ત્યારે મે મારી આ સમસ્યા અને પરિસ્થિતિ વિષે એમને જણાવ્યું અને સંસ્થાએ મને બનતી મદદ કરવા માટેની ખાત્રી આપી. મારી સારવારનો ખર્ચ પહોંચી વળવા ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશને મદદ કરી તે બદલ હું તેમનો હૃદયપૂર્વક આભાર માનું છું.



## રાજેશ ઉત્તેકર

મારુ નામ રાજેશ ઉત્તેકર છે. મારી ઉમર ૫૪ વર્ષ છે. મારા કુટુંબમાં મારી પત્ની અને બે બાળકો છે. બન્ને ભણે છે. હું વડોદરા રેલવે સ્ટેશનની પાછળ ચાલીમાં રહું છું અને રિક્ષા ચલાવીને ઘરનું ગુજરાન કરું છું. મારી પત્ની ઘરકામ કરવા જાય છે. ૧૫ વર્ષ પહેલા પથરીની તકલીફ થવાના કારણે કિડની પર અસર થઈ હતી અને મારે હિમોડાયાલિસીસ ચાલુ કરાવવું પડ્યું. જેથી હું L&T હેલ્થ ડાયાલિસીસ સેન્ટરમાં છેલ્લા પંદર વર્ષથી હિમોડાયાલિસીસ કરાવું છું.

છેલ્લા દસ વર્ષથી હું ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનના સંપર્કમાં છું તેમજ સંસ્થા દ્વારા થતાં પ્રેરણા કાર્યક્રમોમાં નિયમિત હાજરી આપું છું. સંસ્થા જુદા–જુદા વિષયો પર પ્રેરણા કાર્યક્રમો કરે છે અને અમે તેનો ખૂબ જ આનંદ માણીએ છીએ.



વર્ષ ૨૦૨૪ની શરૂઆતમાં મારી A.V ફિસ્ટુલા ફેલ થવાના કારણે મારે બીજીવાર ફિસ્ટુલાની સર્જરી કરાવવાની જરૂરિયાત ઊભી થઈ. જેનો ખર્ચ આશરે ૨૫,૦૦૦ રૂપિયા થાય તેમ હતો. આ માટે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનો સંપર્ક કરતાં સંસ્થાએ મને રૂપિયા ૧૦,૦૦૦ની મદદ કરી, જેનાથી મને આર્થિક રીતે ખૂબ જ રાહત થઈ. આ માટે હું વડોદરાના રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડ (મહારાણી શાંતદેવી ટ્રસ્ટ) અને ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનો ખૂબ ખૂબ આભાર માનું છું.

## કિડની જાગૃતિ કાર્યક્રમમાં ઉપસ્થિત લાભાર્થીઓનો અભિપ્રાય ....



**શ્રી ડો. સતીષ દેશપાંડે**
રીટાયર્ડ પ્રિન્સિપાલ

**કોલેજ ઓફ વેટરનરી સાયન્સ એન્ડ એનિમલ હસબન્ડ્રી**
**કામધેનુ યુનિવર્સિટી, હિંમતનગર**

નમસ્કાર, મારુ નામ ડો. સતીષ દેશપાંડે છે. હું ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત કામધેનુ યુનિવર્સિટીમાં પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવું છું. ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા અમારા કેમ્પસમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે કિડની જાગૃતિ કાર્યક્રમ તેમજ બીપી, ડાયાબિટીસ તપાસ કેમ્પનું આયોજન કરવા માટે એક દરખાસ્ત ઈમેલ દ્વારા મોકલવામાં આવી હતી.

જેના અનુસંધાનમાં અમે સંસ્થાના આ કિડની જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવાનું નક્કી કર્યું અમારા ઇન્ચાર્જ દ્વારા ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનના જવાબદાર ઓફિસર સાથે સંપર્ક કરીને કિડની જાગૃતિ કાર્યક્રમ માટે સમય અને તારીખ નક્કી કરવામાં આવી.

કિડની વિષેની માહિતી લેવા માટે ઉત્સુક હેવાથી હું પણ એ દિવસે કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યો હતો. ૫૦ થી ૬૦ મિનિટના આ કિડની જાગૃતિ કાર્યક્રમમાં પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન (પ્રોજેક્ટર) ના માધ્યમથી કિડની અને તેના રોગો વિષે ખૂબ જ સરળ ભાષામાં ઝીણવટભરી માહિતી આપવામાં આવી હતી. ઉપસ્થિત વિદ્યાર્થી અને અધ્યાપક મિત્રોએ પણ મૂંઝવતા પ્રશ્નો થકી કિડની રોગ વિષે માહિતી મેળવી.

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા આ રીતે વિવિધ સ્થળો પર કિડની જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરીને સામાન્ય માણસોને કિડની રોગથી બચાવવાનું ઉત્તમ કાર્ય કરી રહી છે. સમાજમાં કિડનીના રોગો વિષે જાગૃતિ લાવવાના આ અભિયાનથી હું ખૂબ પ્રભાવિત થયો છું.

હું આગામી દિવસોમાં રિટાયર્ડ થઈ રહ્યો છું અને જો આવી સંસ્થામાં સ્વયંસેવક તરીકે કાર્ય કરવાની તક મળે તો આપણે સમાજના લોકો માટે ઘણું બધુ કરી શકીએ. આ હેતુથી મે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનના ચેરમેન શ્રી ત્રિલોકભાઈ પરીખ સાથે સંસ્થામાં સ્વયંસેવક તરીકે કાર્ય કરવાની મારી ઈચ્છા વ્યકત કરી આ તો ખૂબ જ આનંદની વાત છે તેમ કહેતા ચેરમેન સાહેબે મને સ્વયંસેવક તરીકે કાર્ય કરવાની મંજુરી આપી છે. ખરેખર આવી સંસ્થામાં સ્વયંસેવક તરીકે કાર્ય કરવાની તક મળવી એ મારા માટે ગર્વની વાત છે.


### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
### મહેસાણા ચેપ્ટર

૧. શ્રી શરદભાઈ શાહ
૨. શ્રી ચંદુભાઈ આઈ. પટેલ
૩. શ્રી અજીતભાઈ ટી. પટેલ
૪. શ્રી સુરેન્દ્રભાઈ બી. પટેલ
૫. ડો. શ્રી મુકેશભાઈ એમ. ચૌધરી
૬. ડો. શ્રી પી. ડી. પટેલ
૭. શ્રી સંદીપભાઈ શેઠ


iRf
ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન

# આ ત્રિમાસિક સમયમાં મળેલ દાનની વિગતો

## મુખ્ય દાતાશ્રીઓ

| | |
|---|---|
| શ્રી ત્રિલોકભાઈ આર. પરીખ, અમદાવાદ | રૂ. ૨,૫૦,૦૦૦/– |

## Save a life કાર્યક્રમના દાતાશ્રીઓ

| | |
|---|---|
| શ્રી રશ્મિકાંતભાઈ જે. શાહ, અમદાવાદ | રૂ. ૧,૨૦,૦૦૦/– |
| નારાયણ પાવરટેક લિમિટેડ, વડોદરા | રૂ. ૯૦,૦૦૦/– |
| શ્રીમતી બિન્દુબેન દેસાઇ, વડોદરા | રૂ. ૧૧,૦૦૦/– |

## ડોનર સભ્યપદ કાર્યક્રમ

| ક્રમ નં. | સભ્યપદના પ્રકાર | દાન રકમ |
|---|---|---|
| ૧. | વાર્ષિક મેમ્બર | રૂ. ૨૫૦ |
| ૨. | પાંચ વર્ષ મેમ્બર | રૂ. ૧,૦૦૦ |
| ૩. | દસ વર્ષ મેમ્બર | રૂ. ૨,૫૦૦ |
| ૫. | લાઈફ મેમ્બર | રૂ. ૫,૦૦૦ |
| ૬. | ગોલ્ડ મેમ્બર | રૂ. ૧૦,૦૦૦ |
| ૭. | પેટ્રોન મેમ્બર | રૂ. ૨૫,૦૦૦ |

**ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનને આપવામાં આવતુ દાન ઈન્કમ ટેક્સ, સેક્સન ૮૦ G હેઠળ ૫૦% કર રાહતને પાત્ર છે**

Oasis નો આ અંક સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. ના સહયોગથી પ્રકાશિત થયો છે.

iRf

ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન

B-૨૦૪, શપથ– ૪, કર્ણાવતી કલબની સામે, સરખેજ - ગાંધીનગર હાઈવે, અહમદાવાદ - ૩૮૦૦૫૧, ફો, ૦૭૯૪૦૦૨૭૮૮૪
વડોદરા: ૯૨૨૭૧–૦૧૭૬૨/ સુરત: ૯૨૨૭૯–૨૧૦૬૧/ રાજકોટ: ૯૨૨૨૭૨–૫૧૫૮૫/ મહેસાણા: ૮૫૧૧૧–૧૪૨૫૬/ ભાવનગર: ૮૫૧૧૧–૧૪૨૫૭/ ભુજ: ૮૫૧૧૧–૪૮૨૨૮/ હિંમતનગર: ૬૩૫૪૯–૧૯૬૬૭
E-mail: irf@indiarenalfoundation.org & indiarenalfoundation@gmail.com Visit us at: www.indiarenalfoundation.org

indianrenalfoundation Irfindia Indiarenalfoundation3521

All contributions to India Renal Foundation are 50% tax exempt u/s 80G